# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : આશુતોષ અંતાણી

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

## તા. ૧૮–૦૫–૨૦૨૪ સમય : સવારે ૬.૨૫

---

**લોકસભા ચુટણી : સાતમો તબકકો :**

લોકસભાની આગામી પહેલી જૂને યોજનારી સાતમા અને અંતિમ તબક્કાની ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો **ગઈકાલે** છેલ્લો દિવસ હતો. **અત્રે ઉલ્લખનીય છે કે** લોકસભાની બધી જ બેઠકોની મતગણતરી આગામી 4થી જૂને હાથ ધરાશે.

**આશુતોષ અંતાણી**

---

**લોકસભા ચુટણી પ્રચાર :**

લોકસભાની ચૂંટણીના બાકી તબક્કા માટેનો પ્રચાર વેગવાન બન્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના હમીરપુર જીલ્લામાં **ગઈકાલે** ચૂંટણીસભાને સંબોધતાં લઘુમતિઓ માટેની અનામતના મુદ્દે કોંગ્રેસની નીતીની ટીકા કરી હતી. પ્રધાનમંત્રીએ **ગઈકાલે** ઉત્તરપ્રદેશમાં 3 ચૂંટણી રેલિઓને સંબોધી હતી.

ભાજપના વરિષ્ઠનેતા અમિત શાહ ઝારખંડના રાંચીમાં **ગઈકાલે** રોડ શો **યોજયો હતો.**

કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે **ગઈકાલે** દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતાં આક્ષેપ કર્યો હતો કે, કેન્દ્ર સરકારે દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડવા છેલ્લા 10 વર્ષમાં લીધેલા પગલાંઓની અસર દેખાતી નથી. તેમણે અરવલી પર્વતમાળામાં વનવિસ્તારનું નિકંદન દિલ્હી નજીક આવેલા થર્મલ વીજમથકો અને યમુના નદીમાં પ્રદૂષણ જેવા મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા.

**આશુતોષ અંતાણી**

---

**રાજય : જર્મન કોન્સ્યુલ જનરલ :**

જર્મનીએ ગુજરાત સાથે પુનઃપ્રાપ્ય ઉર્જા , એન્જિનિયરિંગ, વાહનો, પ્રવાસન અને કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવાની તત્પરતા દર્શાવી છે.. જર્મન કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની ગાંધીનગર ખાતેની સૌજન્ય મુલાકાતમાં આવી તત્પરતા દર્શાવી હતી.

જર્મન કોન્સ્યુલ જનરલ સાથેની વાતચીતમાં મુખ્યમંત્રી એ ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા ઈચ્છુક જર્મન ઉદ્યોગકારોને રાજ્ય સરકારના સહયોગની ખાતરી આપી હતી. બંને અગ્રણીઓએ ગિફ્ટસિટીમાં જર્મનીની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરવાની સંભાવના અંગે ચર્ચા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં જર્મનીની પ્રતિષ્ઠિત કંપનીઝ કાર્યરત છે તે ઉપરાંત ગિફ્ટસિટીમાં ડોઈશ બેન્ક પણ શરૂ થઈ છે . મુખ્યમંત્રીએ જર્મન કોન્સ્યુલ જનરલને કચ્છી હસ્તકલા કારીગરીની કૃતિની ભેટ આપી હતી..

**આશુતોષ અંતાણી**

---

## રાજ્ય : ફ્રાન્સ ઓલિમ્પિક માટે પસંદગી :

ગુજરાતના હરમિત દેસાઇ અને માનવ ઠક્કરની ફ્રાન્સના પેરિસ ખાતે આગામી જુલાઈ મહિનામાં યોજાનાર ઓલિમ્પિક - 2024 માટે પસંદગી થઇ છે. હરમિત દેસાઈ અને માનવ ઠક્કર ઓલિમ્પિકની ટેબલ ટેનિસની રમતમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

ઉલ્લેખનીય છે કે, ભારતના પ્રથમ ક્રમાંકિત મહિલા ખેલાડી મનિકા બત્રા મહિલાઓની ટીમનું અને શરથ કમલ ભારતીય પુરુષ ટેબલ ટેનિસ ટીમનું નેતૃત્વ કરશે.

**આશુતોષ અંતાણી**

---

## રાજ્ય : બોર્ડ પુરક પરીક્ષા :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડે આગામી 24મી જૂનથી પૂરક પરીક્ષાની જાહેરાત કરી છે.

રાજ્ય શિક્ષણ બોર્ડની સત્તાવાર યાદીમાં જણાવાયું છે કે, આ પૂરક પરીક્ષામાં ધોરણ-10, ધોરણ-12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ તેમજ સંસ્કૃતિ પ્રથમા અને સંસ્કૃત મધ્યમા પ્રવાહોનો સમાવેશ થાય છે. આગામી સમયમાં પરીક્ષાનું સમયપત્રક પણ જાહેર કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ એક કે બે વિષયમાં નાપાસ થયા હોય કે ગેરહાજર રહેલા હોય તેવા વિદ્યાર્ખીઓ પૂરક પરીક્ષા આપી પોતાના ગુણપત્રક સુધારણાને અવકાશ ધરાવે છે.

**આશુતોષ અંતાણી**

---

## હવામાન : કચ્છ :

કચ્છ જિલ્લામાં પાછલા કેટલાક દિવસોમાં કમોસમી વરસાદના દોર પછી કાળઝાળ વૈશાખી અગનવર્ષાએ જીલ્લાના સમગ્ર જનજીવનને પ્રભાવિત કર્યું છે.ગઈકાલે જીલ્લા મથક ભુજમાં ૪૩.૮ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. તો જીલ્લાના રાપર ખાતે ૪૩, ખાવડામાં ૪૧ જયારે કંડલા એરપોર્ટ ખાતે ૪૧.૬ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.જીલ્લાના સરહદી અને દુર્ગમ વિસ્તારમાં સીઝનના સૌથી આકરા તાપથી માનવ સહિત જીવસૃષ્ટિ અકળાઈ રહી છે.

હવામાન વિભાગ દવારા હજુ આગામી ૨૪ કલાક સુધી જીલ્લામાં તીવ્ર ગરમીનું મોજું યથાવત રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. લોકોને લૂ થી બચવા તકેદારી રાખવા તંત્ર દવારા અનુરોધ કરાયો છે.

**આશુતોષ અંતાણી**

---

## કચ્છ : વીજ ફીડરો :

કચ્છ જીલ્લામાં કમોસમી વરસાદથી ભારે પવન ફૂંકાતા વીજતંત્રના ફીડરો બંધ થયાના અહેવાલ મળી રહ્યા છે. પશ્ચિમ કચ્છના વિવિધ વિસ્તારોમાં 50થી વધુ ફીડરો બંધ થતાં વીજતંત્રની ટીમો સમારકારમ કરી રહી છે.

**આશુતોષ અંતાણી**

---

## કચ્છ : પ્રી મોનસુન કામગીરી સમીક્ષા બેઠક :

રાજ્યમાં વિવિધ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચોમાસા પૂર્વેના આગોતરા આયોજનો માટે પ્રિ-મોન્સૂન સમીક્ષા બેઠક યોજાઈ રહી છે તેમજ કેટલાક વિસ્તારોમાં ચોમાસા પૂર્વે થતી કામગીરી કરાઇ રહી છે.

આશુતોષ અંતાણી

---

## ક્રીકેટ : આઈપીએલ–૨૦૨૪ એલએસજી–એમઆઈ :

આઈપીએલ–૨૦૨૪ ટી–૨૦ ક્રીકેટ સ્પર્ધામાં ગઈકાલે મુંબઈ ખાતે રમાયેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટસ ઈલેવને મુંબઈ ઈન્ડિયન્સ ઈલેવનને ૧૮ રનથી પરાજીત કરી હતી.૨૧૫ના લક્ષ્યાંકને પાર કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ૧૯૬ રન સુધી સિમિત રહી હતી.

આજે બેંગ્લુરુ ખાતે રોયલ ચેલેન્જરર્સ બેંગ્લુરુ અને ચેન્નઈ સુપર કીંગ્સ ઈલેવન વચ્ચે મેચ રમાશે.

આશુતોષ અંતાણી

---

## ક્રીકેટ : એસસીઅ વી કેસીએ અન્ડર ૧૯ : ભુજ–પોરબંદર રૂરલ મેચ :

સૌરાષ્ટ્ર ક્રીકેટ એસોસિએશન આયોજીત આંતરજિલ્લા અંન્ડર ૧૯ વન ડે ક્રીકેટ સ્પર્ધામાં ર ાજકોટ ખાતે રમાયેલી કવાર્ટર ફાઈનલ મેચમાં કેસીએ, ભુજ ટીમની પોરબંદર રૂરલ ટીમ સામે ૨૩ રનથી હાર થઈ હતી.

આશુતોષ અંતાણી

---

---